*No.TS/4/2020-Title (RNI)*

**Office of Registrar of Newspapers for India**
(M/o Information & Broadcasting)
9th Floor, Soochna Bhawan, CGO Complex,
Lodhi Road, New Delhi-110003.

Dated 08/09/2020

# NOTICE TO PUBLISHERS

**Subject: Title Verification Guidelines reg.**

The Title verification guidelines as amended on 08.09.2020 by the competent authority is attached. Following may kindly be noted:

(i) The amended guidelines will be effective from today (i.e. 08.09.2020), except for (ii) below

(ii) The *Clause 16(a)* of the guidelines shall be effective from 01st January 2021 or, if notified otherwise

(iii) The guidelines are now made available in Urdu, Gujarati, Marathi, Bengali, Odia, Assamese, Kannada, Telugu, Malayalam and Tamil languages, in addition to Hindi and English.

(Joyce Philip)
Asst. Press Registrar

**નં. ટીએસ/૪/૨૦૨૦/ટાઈટલ(આરએનઆઈ)**
**ભારત સરકાર**
**ભારતના સમાચાર પત્રોના રજીસ્ટ્રારની કચેરી**
**(માહિતી અને પ્રસારણ મંત્રાલય)**
**9મો માળ, સૂચના ભવન, સીજીઓ સંકુલ,**
**લોધી રોડ, નવી દિલ્હી- 110003**

*** * * * * ***

**તા. ૦૮ સપ્ટેમ્બર, 2020**

**<u>સમાચાર પત્રોના ટાઈટલ્સની ચકાસણી માટેની માર્ગરેખાઓનો</u>**

(1) પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુક્સ એક્ટ 1867માં 'સમાચાર પત્રો' ની નોંધણીની જોગવાઈ કરવામાં આવી છે. તેની વ્યાખ્યા "જાહેર સમાચારો અથવા તો જાહેર સમાચારો અંગે ટિપ્પણી કરતા કોઈપણ મુદ્રિત સામાયિકની કામગીરી" એવી કરવામાં છે.

(2) સમાચાર પત્ર પ્રસિધ્ધ કરવાની ઈચ્છા ધરાવતી હોય તેવી કોઈપણ વ્યક્તિએ નિર્ધારિત ઓથોરિટી સમક્ષ, સમાચાર પત્રના સૂચિત ટાઈટલ (લો) ના નામ સહિત ડેક્લેરેશન (ઘોષણા) ફાઈલ કરવાનું રહે છે. આ નિર્ધારિત ઓથોરિટી, આ ડેક્લેરેશનમાં દર્શાવેલ સૂચિત ટાઈટલ અંગે નીચેની બાબતો ચકાસીને તેની અધિકૃતતા જાહેર કરશે.

(અ) રાજ્યમાં અથવા કોઈપણ ભાષામાં એવા કે સમાન પ્રકારના ટાઈટલ નથી, અથવા

(બ) સમગ્ર ભારતમાં, એ જ ભાષામાં એવા અથવા તો સમાન પ્રકારના ટાઈટલ અસ્તિત્વ ધરાવતા નથી.

(3) ટાઈટલની ચકાસણી માટે અરજી કરતા પહેલાં અરજદારે લીંકમાં ઉપલબ્ધ ચકાસાયેલા ટાઈટલની વિસ્તૃત યાદીની ચકાસણી કરવાની રહેશે. RNI વેબસાઈટમાં '**ચકાસાયેલા ટાઈટલ્સ/ ટાઈટલ સર્ચ**' માં જઈને લીંક ઉપર ઉપલબ્ધ ટાઈટલ્સની ચકાસણી કરવાની રહેશે અને ખાત્રી કરવાની રહેશે કે RNI મારફતે ચકાસવામાં આવેલા ટાઈટલ્સ અથવા તો સમાન પ્રકારના ટાઈટલ્સનો સમાવેશ થતો નથી. RNI ની વેબસાઈટ ઉપર જે ટાઈટલ્સ જોવામાં આવે છે તે વેરીફાય થઈ ચૂકેલા છે. **આનો અર્થ એવો થતો નથી કે જે ટાઈટલ (લો) વેરીફાય ટાઈટલ્સની યાદીમાં નથી તે ઉપલબ્ધ હોય તેવું આવશ્યક નથી.**

કોઈ ટાઈટલ મંજૂર કરવાની અથવા તો નકારવાની આખરી સત્તા પ્રેસ રજીસ્ટ્રારની રહેશે.

(4) સમાચાર પત્રો/ સામાયિકોના ટાઈટલની ચકાસણી કરવા માટેની અરજી માત્ર ઓનલાઈન પધ્ધતિથી થઈ શકશે. અરજી પત્ર (સાથે જોડેલા ફોર્મેટ મુજબ) RNI ની વેબસાઈટ એટલે કે http//www.rni.nic.in ઉપર ઉપલબ્ધ છે. તેની છાપેલી નકલ નિર્ધારિત ઓથોરિટી (ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ/ સંબંધિત જીલ્લાના એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ) મારફતે RNI ને રવાના કરવાની રહેશે.

(5) ટાઈટલની અરજીના દરેક પાના ઉપર એપ્લીકેશન રવાના કરનારનું સીલ અને સહી સ્પષ્ટ અને વાંચી શકાય તેવી હોવી જોઈએ.

(6) માત્ર ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ/ નિર્ધારિત મેજીસ્ટ્રેટ દ્વારા રવાના કરવામાં આવેલી મૂળ નકલોનું RNI ટાઈટલની ચકાસણી માટે પ્રોસેસીંગ કરશે. **ફોટોકોપીઝ સ્વિકારવામાં આવશે નહીં.** ટાઈટલ એપ્લીકેશનમાં કોઈપણ પ્રકારની છેડછાડ અથવા તો વ્હાઈટ ફ્લુઈડનો ઉપયોગ અથવા તો કેન્સલેશન અથવા રિ-રાઈટીંગને ચલાવી લેવામાં આવશે નહીં.

(7) જો અરજીમાં એક કરતાં વધુ ભાષાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હશે તો એવું માની લેવામાં આવશે કે આ અરજી બે ભાષાઓ/ વધુ ભાષાઓના સમાચાર પત્ર માટે છે અને તે મુજબ તેની ચકાસણી કરવામાં આવશે.

(8) સમાચાર પત્ર અથવા તો સામાયિક એક ભાષામાં, બે ભાષામાં અથવા તો તેથી વધુ ભાષામાં હોઈ શકે છે. જો પ્રકાશન બે ભાષામાં અથવા તો વધુ ભાષામાં હોય તો તેમાં સમાચારો/ લેખો ટાઈટલમાં ચકાસવામાં આવેલી તમામ ભાષાઓમાં હોવા જોઈએ. જો અલગ અલગ ભાષાઓમાં પ્રકાશન બહાર પાડવાનું હોય તો દરેક પ્રકાશન માટે અલગ અરજીઓ રજૂ કરવાની રહેશે.

(9) **જો, હયાત પ્રકાશનની નવી આવૃત્તિ એ જ રાજ્યના અન્ય જીલ્લામાંથી અને સમાન ભાષામાં પ્રકાશિત કરવાની હોય તો, અગાઉથી ટાઈટલની ચકાસણીની જરૂરિયાત રહેશે નહીં.** પ્રકાશક સીધુ ડેકલેરેશન ફાઈલ કરી શકે છે તેમજ રજીસ્ટ્રેશન નંબર અને સર્ટિફિકેટ ઈસ્યુ કરવા માટે દસ્તાવેજો ફાઈલ કરી શકે છે. આમ છતાં, સૂચિત નવી એડીશન અન્ય રાજ્યમાંથી અથવા તો (એ જ રાજ્યમાંથી અથવા અન્ય રાજ્યમાંથી) અલગ ભાષામાં પ્રકાશિત કરવાની હોય તો અગાઉથી ટાઈટલની ચકાસણી કરાવવાનું જરૂરી બનશે.

(10) ચોક્કસ ભાષા, રાજ્ય અને ચોક્કસ સમયના અંતરે પ્રકાશન અંગે ટાઈટલની માલિકી ધરાવનાર અરજદાર સ્વાભાવિક રીતે એ ટાઈટલનો અન્ય ભાષા, રાજ્ય અને પ્રકાશનના સમય ગાળા બાબતે માલિકીપણું ધરાવી શકશે નહીં.

(11) અન્ય રાજ્ય, ભાષા અથવા સમય ગાળા માટે અગાઉ માલિકી પ્રાપ્ત થઈ હોય તો તેની ચકાસણી માર્ગરેખાઓ અનુસાર થશે.

(12) RNI રેકર્ડમાં પોતાના પ્રકાશનો અગાઉ નોંધાવી ચૂકેલા હોય તેવા અરજદારોએ **રજીસ્ટર્ડ થયેલા પ્રકાશન માટે લેટેસ્ટ વાર્ષિક નિવેદન, નવા ટાઈટલ(લ્સ) માટે અરજી કરતાં પહેલાં યોગ્ય રીતે RNI ઓફિસને ફાઈલ કરવામાં આવ્યું હોય તેની ખાત્રી કરવાની રહેશે.**

(13) ચકાસણી માટેની અરજીઓ કોઈપણ પ્રકારે અધૂરી હશે તો તે રદ થવાને પાત્ર રહેશે.

(14) ટાઈટલની ચકાસણી માટે પ્રેસ રજીસ્ટ્રાર અરજીના પ્રોસેસીંગમાં જે વ્યાપક માપદંડને અનુસરશે તે નીચે મુજબ છેઃ

(એ) રાજ્યમાં અથવા તો સમગ્ર ભારતમાં કોઈપણ ભાષામાં એક સરખુ અથવા તો સમાન પ્રકારનું ટાઈટલની ચકાસણી કરવામાં આવશે નહીં.

(બી) વિદેશી સમાચાર પત્ર/ મેગેઝીન જેવા અથવા તો સમાન પ્રકારનું નામ ધરાવતા ટાઈટલ ચકાસવામાં આવશે નહીં, સિવાય કે વિદેશના ટાઈટલના માલિક સાથેનો માન્ય લાયસન્સ કરાર રજૂ કરવામાં આવ્યો હોય.

(સી) અરજદારે અગાઉ તેને ફાળવવામાં આવેલ ટાઈટલ(લ્સ) રજીસ્ટર કરાવ્યું હશે તો જ તે નવા ટાઈટલ(લ્સ) માટે અરજી કરી શકશે.

(ડી) અરજદારો એક સાથે ત્રણથી વધુ ટાઈટલ(લ્સ) સુપરત કરી શકશે નહીં. જો એક જ અરજદાર પાસેથી ત્રણ કરતાં વધુ અરજીઓ સુપરત કરવામાં આવી હશે તો માત્ર ત્રણ અરજીઓ જ ચકાસણી માટે સ્વિકારવામાં આવશે અને બાકીની અરજીઓ રદ કરવામાં આવશે.

(ઈ) અરજીઓ રજૂ કરવામાં આવી હોય તે જ ક્રમમાં સ્વિકારવામાં આવશે, સિવાય કે નીચે મુજબનો કેસ હોયઃ

(1) જે કિસ્સામાં વિદેશના ટાઈટલ અંગે અરજદારે માહિતી અને પ્રસારણ મંત્રાલય પાસેથી મેળવેલું નો-ઓબ્જેક્શન (એનઓસી) સર્ટિફિકેટ રજૂ કર્યું હોય.

(2) જો કોઈ કિસ્સામાં અદાલત તરફથી અથવા તો અન્ય કોઈપણ વૈધાનિક ઓથોરિટી તરફથી નિર્દેશ આપવામાં આવ્યો હોય અને તે બંધનકર્તા હોય અને આવા નિર્દેશ/ હુકમ સામે અપીલ નહીં કરવાનો નિર્ણય લેવાયો હોય.

(3) અન્ય કિસ્સામાં જાહેર હિતમાં પ્રેસ રજીસ્ટ્રારની મંજૂરીથી સ્વિકારી શકાશે.

(એફ) અરજદારે અરજી ફાઈલ કરતી વખતે સ્પેલીંગમાં ભૂલ કરી હોય અને ટાઈટલ નકારવામાં આવ્યું હોય તેવા કિસ્સામાં RNI ની કોઈ જવાબદારી રહેશે નહીં.

(જી) RNI માત્ર પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુક્સ એક્ટ 1967ની કલમ-1 હેઠળ માત્ર સમાચારા પત્રો અને સામાયિકોની રજીસ્ટ્રેશન કરે છે. નીચે દર્શાવેલી કેટેગરીના અરજદારોની અરજીઓ સ્વિકારવામાં આવશે નહીઃ

(1) ન્યૂઝ એજન્સીઓ
(2) ફીચર એજન્સીઓ
(3) ન્યૂઝ વેબસાઈટસ
(4) ન્યૂઝ ચેનલ્સ
(5) પ્રકાશનના ઈલેક્ટ્રોનિક વર્ઝન કે જેમાં dot com, dot in, e-, blog, portal, Facebook, Twitter, Orkut, Linkedin, Youtube, Yahoo, Google, Wikipedia, Wikileaks સહિતના ટાઈટલના વિકલ્પો.

(15) સૂચિત સમાચાર પત્ર માટે નીચે દર્શાવેલી કેટેગરીના ટાઈટલ્સને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીઃ

(1) સરકારી વિભાગોના નામ ધરાવતા ટાઈટલ્સ, સરકારી સંગઠનો, વિદેશની સરકારો, આંતરરાષ્ટ્રિય સંગઠનો એટલે કે WHO, ILO વગેરે દર્શાવ્યા હશે તો તેમની સાથેનો સંબંધ અંગે ગેરમાર્ગે દોરે તેવી રજૂઆત થાય છે.

(2) કેન્દ્ર/ રાજ્ય સરકાર સાથે અથવા તેના સંગઠનો અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સાથે સંબંધ ધરાવતા હોવાનું સૂચવતા ટાઈટલ્સ.

(3) જે ટાઈટલમાં ad/ advertisement, classified, tender, real estate, calendar, panchang, matrimonial, yellow pages/ page (કે જેની આગળ વ્હાઈટ, પિન્ક વગેરે શબ્દ લગાવવામાં આવ્યો હોય). guide, diary, gist, fact sheet, bulletin, pamphlet, brochure, directory શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અને **જે પ્રકાશનો સમાચારો/અભિપ્રાયો / લેખો વગેરે ધરાવતા ના હોય.**

(4) જે ટાઈટલો Eg: B2B, A2Z વગેરે જેવા ટૂંકા સ્વરૂપો અથવા તો શબ્દનો શરૂઆતનો અક્ષર લઈને બનાવવામાં આવ્યા હોય.

(5) પીક્ટોગ્રાફ્સ, વિડીયોગ્રામ્સ, હોલમાર્ક્સ, લોગોઝ, મોનોગ્રામ્સ, એબ્રીવેશન્સ, ફોનોગ્રામ્સ, ઈમોજીસ વગેરે જેવા **કોઈપણ પ્રકારના ચિહ્નો અથવા તો પ્રતિક નો ટાઈટલ્સમાં ઉપયોગ કરાયો હશે તો તેવા ટાઈટલ્સ ચકાસણીમાં લેવામાં આવશે નહીં.**

(6) નૉન આલ્ફા-ન્યુમરીક અક્ષરો વગેરે એટલે કે ચિત્રો અને પ્રતિક ધરાવતા ટાઈટલ્સ.

(7) એવા ટાઈટલ્સ કે જે પ્રથમ દ્રષ્ટિએ જ વિચિત્ર અને અર્થ વગરના લાગતા હોય તેની ચકાસણી કરવામાં આવશે નહીં. કોઈપણ સ્વરૂપે સંખ્યા અને ગણિતના પ્રતિકો જેવા કે +, * વગેરેનો ટાઈટલમાં ઉપયોગ કરી શકાશે નહીં. જે ટાઈટલમાં સાપ્તાહિક વિકલી, સાંધ્ય ઈવનીંગ, ડેઈલી દૈનિક ન્યૂઝ જેવા અર્થહીન શબ્દોનો સમન્વય હોય તેવા ટાઈટલ ચકાસવામાં આવશે નહીં.

(8) જે ટાઈટલ્સનો ધાર્મિક અર્થ નિકળતો હોય, જે ટાઈટલ્સમાં જાહેર માનસ માટે બીભત્સ કે અપમાનજનક ગણાતા હોય તેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે ચકાસવામાં આવશે નહીં.

(9) જે ટાઈટલ્સથી નકારાત્મક અર્થ નિકળતો હોય અથવા જેનો ઉપયોગ ગૂના અને ભ્રષ્ટાચાર વગેરે માટે થતો હોય તેવા ટાઈટલ્સની ચકાસણી કરવામાં આવશે નહીં.

(10) માત્ર સંગઠનો/ સોસાયટીઓ/ કંપનીઓ /ટ્રસ્ટસ વગેરે એમ્પલોયમેન્ટ/ રોજગાર/ કેરિયર/ જોબ/ નોકરી વગેરે શબ્દોનો ઉપયોગ કરીને અરજી કરી શકશે. વ્યક્તિગત અરજદાર માટે આ પ્રકારના ટાઈટલ્સ ચકાસવામાં આવશે નહીં.

(11) "ધ એમ્બલેમ અને નામ (અયોગ્ય ઉપયોગ રોકવાનો) કાયદો 1950" મુજબ ભંગ થતો હોય તેવા ટાઈટલ્સ.

(12) એવા ટાઈટલ્સ કે જે **રાષ્ટ્રીય પ્રતિક, રાષ્ટ્રીય સૂત્ર** એક સરખા અથવા તો સમાન પ્રકારના હોય અથવા કેન્દ્ર સરકાર/ રાજ્ય સરકાર/ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે સંબંધ હોવા અંગે ગેરમાર્ગે દોરતી અસર ઉભી કરતા હોય તેવા ટાઈટલ્સ ચકાસવામાં આવશે નહીં.

(13) દેશની નિયમનકારી/ અમલ કરનાર એજન્સીઓના નામનો ઉપયોગ કરતા ટાઈટલ એટલે કે 'પોલિસ', 'બ્યૂરો', 'ઈન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ', 'વિજીલન્સ', 'સીઆઈડી', 'સીબીઆઈ' ના નામનો ઉપયોગ કર્યો હોય તેવા ટાઈટલ સિવાય કે તે સંબંધિત વિભાગ તરફથી રજૂ કરાયા હોય.

(14) રજીસ્ટર કરાવવાના ટાઈટલમાં દેશના હાલના/ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રધાન મંત્રી, હાલના ગવર્નર અને રાજ્યના મુખ્ય પ્રધાનના નામનો ટાઈટલમાં ઉપયોગ કરાયો હોય. હાલના ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, કોમપ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ અને ચીફ ઈલેક્શન કમિશ્નરના નામનો ટાઈટલમાં ઉપયોગ કરવામાં આવ્યો હોય.

(15) જે ટાઈટલમાં રાષ્ટ્રીય નેતાના નામનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અથવા તો અગ્રણી રાષ્ટ્રીય નેતાઓ, સરકારના વડાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારોના પદાધિકારીઓના નામનો ઉપયોગ કરાયો હોય તેવા ટાઈટલ ચકાસવામાં આવશે નહીં. આમ છતાં, માન્ય રાષ્ટ્રીય અને રાજ્યના રાજકિય પક્ષોના નેતાઓના નામ ધરાવતા નામ સંબંધિત સંગઠન તરફથી રજૂ કરવામાં આવ્યા હોય તો તેને ધ્યાનમાં લેવામાં આવશે.

(16) એવા ટાઈટલ્સ કે જેમાં હાલના રજીસ્ટર્ડ સમાચાર પત્રોના નામનો સમન્વય કરવામાં આવ્યો હોય, હાલમાં હયાત હોય તેવા બે કે તેથી વધુ ટાઈટલનો સમન્વય કરાયો હોય અથવા તો એવા ટાઈટલ કે જે નવા ટાઈટલ તરીકે નોંધપાત્ર તફાવત ધરાવતા ના હોય તેવા ટાઈટલ ચકાસવામાં આવશે નહીં. હયાત ટાઈટલ્સના બે શબ્દ વચ્ચે એક શબ્દ ઉમેરીને રજૂ કરાયેલા ટાઈટલ અથવા તો સમાન પ્રકારના ટાઈટલ જો, અર્થમાં નોંધપાત્ર તફાવત રહેતો હોય તે સિવાય ધ્યાન પર લેવામાં આવશે નહીં.

(17) હયાત ટાઈટલ જેવા જ શબ્દો ધરાવતુ ટાઈટલ, સમાન ક્રમમાં અથવા તો અલગ ક્રમમાં રજૂ કરાયું હશે તો ભાષા, પ્રકાશનનું સ્થળ અને પ્રકાશનના સમય ગાળા બાબતે તફાવત હોય તો પણ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(18) **હયાત ટાઈટલ્સ**માં શહેર, રાજ્ય, પ્રકાશનનો સમય ગાળો, ભાષા, આગળનો શબ્દ/ પાછળનો શબ્દ વિશેષણો, આર્ટિકલ્સ (A, An, The) લગાવ્યા હોય તેવા ટાઈટલ્સ ચકાસવામાં આવશે નહીં. દા.ત. ધ ટાઈમ્સ, ડેઈલી,

દૈનિક, વિકલી, વી/ વર્થા, આજ, ટુડે, એક્સપ્રેસ, ન્યૂઝ, ખબર, સમાચાર, બુલેટીન, ડાયરી, ઈન્ડિયા, નેશનલ, રાષ્ટ્રીય વગેરે શબ્દો.

(19) સૂચિત પ્રકાશનમાં **હયાત ટાઈટલ**ના આગળ કે પાછળનો શબ્દ પ્રકાશનનો સમયગાળો અથવા ભાષા દર્શાવી હોય તેવા ટાઈટલ્સ ચકાસવામાં આવશે નહીં.

(20) હાલમાં અસ્તિત્વ ધરાવતા ટાઈટલના સમાન ઉચ્ચાર જેવુ જ નામ રજૂ કરવામાં આવ્યું હોય અને સૂચિત ટાઈટલનો સ્પેલીંગ અલગ હોય તો પણ તેને ચકાસવામાં આવશે નહીં.

(16) **અરજદારોને માર્ગદર્શન માટે પરચૂરણ સૂચનાઓ/ જોગવાઈઓઃ**

(એ) **ટાઈટલની ચકાસણી થઈ ગઈ હોય તેના એક વર્ષના ગાળાની અંદર** માલિક/ પ્રકાશકે રજીસ્ટ્રાર ઓફ ન્યૂઝ પેપર્સ (RNI) ની કચેરીમાં ટાઈટલ રજીસ્ટર કરાવવાનું રહેશે. જો કોઈ કિસ્સામાં ચકાસવામાં આવેલુ ટાઈટલ એક વર્ષમાં રજીસ્ટર થાય નહીં તો તેને **રદ (ડીબ્લોક) કરીને અન્ય અરજદાર માટે ઉપલબ્ધ કરવામાં આવશે.**

(બી) ટાઈટલ માટે કરેલી અરજીની ચકાસણી દરમ્યાન વિસંગતતા (ડીસ્ક્રીપન્સી) પત્ર જારી કરવામાં આવ્યો હોય તો અરજદારે આવો પત્ર ઈસ્યુ થયાના 60 દિવસમાં જવાબ આપવાનો રહેશે. જો અરજદાર નિર્ધારિત સમયમાં જવાબ આપી શકશે નહીં તો અરજીનો અસ્વિકાર કરવામાં આવશે. આવા કિસ્સામાં સંબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટે અધિકૃત કરી હોય તેવી નવી અરજી રજૂ કરવાની રહેશે.

(સી) વિસંગતતા (ડીસ્ક્રીપન્સી) અંગેના પત્રો RNI ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. **વિસંગતતા (ડીસ્ક્રીપન્સી) અંગેનો પત્ર મળ્યો ના હોય તેને વિસંગતતા (ડીસ્ક્રીપન્સી) પત્રનો જવાબ મળ્યા સમાન ગણી શકાશે નહીં.**

(ડી) પોતે અગાઉ માલિકી ધરાવતો હોય તેવું ટાઈટલ રદ કરવામાં આવ્યું હશે તો અરજદાર તેના માટે દાવો કરી શકશે નહીં. રદ કરાયેલું ટાઈટલ અન્ય અરજદારને આપવાનો નિર્ણય વર્તમાન માર્ગરેખાઓ અને નિયમો અનુસાર લેવામાં આવશે.

(ઈ) એક વખત અરજી રદ કરવામાં આવે તે પછી અરજદારે ફોરવર્ડીંગ ઓથોરિટી મારફતે નવી અરજી રજૂ કરવાની રહેશે. અરજદાર પાસેથી સીધા મળેલા ટાઈટલ્સ RNI
સ્વિકારશે નહીં. ફોરવર્ડીંગ ઓથોરિટી તરફથી અધિકૃત કરવામાં આવ્યા ના હોય તેવા વિકલ્પો સીધા મોકલવામાં આવશે તો તેને સ્વિકારવામાં આવશે નહીં.

(એફ) લેખિતમાં કારણો દર્શાવ્યા વગર રજીસ્ટર નહીં કરાયેલું ચકાસાયેલું ટાઈટલ પ્રેસ રજીસ્ટ્રારને રદ કરવાનો અધિકાર રહેશે.

(જી) ચકાસણીમાં વિલંબ અથવા તો અરજી રદ કરવાની સ્થિતિ નિવારવા માટે અરજદારને માર્ગદર્શન આપવામાં આવે છે કે તેણે ટાઈટલ ચકાસવા માટેની અરજી કરતાં પહેલાં માર્ગરેખાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

(એચ) એક સરખા અથવા તો સમાન પ્રકારના અર્થઘટન અંગે જો કોઈ શંકા હોય ત્યારે પ્રેસ રજીસ્ટ્રારનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

(આઈ) વ્યક્તિના નામે જર્નલ્સના પ્રકાશન માટેના ટાઈટલ્સને ચકાસવામાં આવશે નહીં. જર્નલ્સ માત્ર સંગઠન/ શૈક્ષણિક સંસ્થા /સોસાયટીઝ વગેરેના નામે હશે તો જ તેની ચકાસણી કરવામાં આવશે. આવા કિસ્સાઓમાં સંગઠન/ શૈક્ષણિક સંસ્થા / કંપનીનું નામ આગળ લગાવવાનું રહેશે કે જેથી એક સરખા/ સમાન પ્રકારના વિષય(યો) ની વિવિધ જર્નલ્સના ટાઈટલ્સને અલગ રીતે ઓળખી શકાય.

(જે) જો પ્રકાશનની સામગ્રી જાહેર સમાચારો અથવા પ્રતિભાવની કક્ષામાં આવતા ના હોય તો ચકાસવામાં આવેલું ટાઈટલ રદ કરી શકાશે અથવા પ્રકાશનની સામગ્રી ટાઈટલની અરજી કરતી વખતે રજૂ કરવામાં આવેલ પ્રકાર અને સામગ્રી સાથે બંધ બેસતી ના હોય તો પણ ટાઈટલ રદ કરી શકાશે.

(કે) જો કોઈ સમાચાર પત્ર/ પ્રકાશન સરકારી વિભાગ/ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવાની દરખાસ્ત હોય તો આવા ટાઈટલની ચકાસણી માટેની અરજી જે તે વિભાગના વડા મારફતે રજૂ કરવાની રહેશે અને આ ટાઈટલ તેના નામથી જ ચકાસવામાં આવશે.

(17) **અસ્વિકાર્યતાઃ** સૂચિત સમાચાર પત્ર/ સામાયિકના ટાઈટલની ચકાસણી તે સમાચાર પત્રનું રજીસ્ટ્રાર ઓફ ન્યૂઝ પેપર્સ સાથે પીઆરબી એક્ટ, 1867 હેઠળ નોંધણી કરાવવાના હેતુથી જ કરાવાની રહેશે. આનો અર્થ એવો થતો નથી કે મંજૂર થયેલું ટાઈટલ ટ્રેડ માર્ક/ બ્રાન્ડ નેમ, કંપનીનું નામ વગેરે હોઈ શકે અને આવા હેતુથી કરાનારા પ્રકાશન અંગે અરજદારે ટ્રેડમાર્ક એક્ટ, કંપનીઓના કાયદા વગેરેની સંબંધિત જોગવાઈઓ હેઠળ, સંબંધિત ઓથોરિટીની મંજૂરી મેળવવાની રહેશે. **આ બાબતે જો કોઈ વિવાદ ઉભો થશે તો તેને બે પક્ષકારોના વિવાદ તરીકે ગણવામાં આવશે અને તેમાં રજીસ્ટ્રાર ઓફ ન્યૂઝ પેપર્સ ઓફ ઈન્ડિયાને કોઈપણ પ્રકારે પક્ષકાર ગણવામાં આવશે નહીં.**